Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯



અંક ૧૧ મો. જૂન જ્યેષ્ઠ

પ્રકાશક—

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં

૧. એકાન્યોક્તિ . . . ૨૩૭
૨. સત્ય-સ્વરૂપ . . . ૨૩૮
૩. માનની મહત્તા . . . ૨૩૯
૪. પરમાર્થસૂચક વાક્યસંગ્રહ . ૨૪૩
૫. શ્રી સિદ્ધસ્તોત્ર . . . ૨૪૫
૬. અમર આત્મમંથન . . ૨૪૭
૭. અહિંસાની અદ્ભુત શક્તિ: સત્યાગ્રહના મંડાણ . . ૨૪૯
૮. દૃષ્ટિવાદના ભેદરૂપ પૂર્વોનો ટૂંક પરિચય . . . ૨૫૨
૯. વર્તમાન સમાચાર . . ૨૫૫

## ભેટના ગ્રંથો.

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને નીચે લખેલા ગ્રંથો ભેટ આપવાના છે.

**૧. શ્રી આદિનાથ ચરિત્ર**
**૨. શ્રી ધર્મવીર ઉપાધ્યાય**
**૩. શ્રી જ્ઞાનપ્રદીપ**
**૪. શ્રી સકલાર્હત્ સ્તોત્ર** ટીકા સહિત
**૫. શ્રી આગમસારિણી**
**૬. શ્રી સિદ્ધાંતરહસ્ય**

ઉપરોક્ત ભેટ આપવાના છ સુંદર ગ્રંથોની સંક્ષિપ્ત હકીકત નીચે પ્રમાણે છે.

**૧. શ્રી આદિનાથ ચરિત્ર**—ફોર્મ પચાસ, ક્રાઉન આઠ પેજી, ચારસો પાનાનો સુંદર દળદાર ગ્રંથ. એન્ટિક પેપર ઉપર સુંદર ગુજરાતી અક્ષરો, પાકું કપડાનું બાઈન્ડીંગ, સુશોભિત રંગબેરંગી કવર-જૅકેટ, ગુરુદેવ, તીર્થો, પ્રભુ આદિનાથ તેમજ આર્થિક સહાય આપનાર વગેરેની વિવિધ રંગી છબીઓ સહિત.

**૨. ધર્મવીર ઉપાધ્યાય**—શ્રી સોહનવિજયજી-બ્રહ્મચારી, સંજમધારી, પંજાબી વીરપુરુષ, યોગીનું સુંદર ભાવવાહી જીવન વાંચતાં રોમાંચ ખડા થાય તેવું સુંદર ચરિત્ર, છબીઓ સહિત આકર્ષક સુંદર ગ્રંથ. બાર ફોર્મ, સુમારે ૨૦૦ પાનાનો, સુંદર ટાઇપો અને ઊંચા એન્ટિક કાગળ ઉપર છપાયેલ છે.

**૩. જ્ઞાનપ્રદીપ** (બોધસુધા સહિત)—વિદ્વાન લેખક આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજીના સામાજિક બોધદાયક લેખો, ઊંચા કાગળ, સુંદર ટાઇપ અને પાકું બાઈન્ડીંગ, સુંદર કવર સાથે ફોર્મ ૨૬, પાના ૪૧૬.

**૪. શ્રી આગમસારિણી ગ્રંથ**—અનેક તત્ત્વજ્ઞાનની જાણવા જેવી હકીકતોથી ભરપૂર ફોર્મ ૮, પાના ૧૩૨.

**૫. સિદ્ધાંતરહસ્ય**—તત્ત્વજ્ઞાન, દ્વારો વગરે અનેક જાણવા જેવી હકીકતોથી ભરપૂર પાકા બાઇન્ડીંગનો દળદાર ગ્રંથ. પાના ૨૪૦.

**૬. સકલાર્હત્ સ્તોત્ર** (મૂળ)—શ્રી કનકકુશળગણિની ટીકા સાથે. સંશોધનકર્ત્તા પ્રાચીન સાહિત્યસંશોધક સાક્ષરવર્ય શ્રીમાન પુણ્યવિજયજી મહારાજે તદ્દન શુદ્ધ કરીને પ્રકટ કરવામાં આવેલ છે. અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી છે. શાસ્ત્રી સુંદર ટાઇપમાં મુદ્રિત થયેલ છે.

( અનુસંધાન ટાઇટલ પેજ ૩ જું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૪૦ મું : આત્મ સં. ૪૮ વિક્રમ સં. ૧૯૯૯ : જ્યેષ્ઠ :
અંક : ૧૧ મો : વીર સં. ૨૪૬૯ ઈ. સ. ૧૯૪૩ : જૂન :

## भेकान्योक्ति ।

( अनुष्टुप वृत्त )

**दिव्यं चूतरसं पीत्वा, गर्वं नो याति कोकिला ।**
**पीत्वा कर्दमपानीयं, भेको रटरटायते ॥ १ ॥**

આ અન્યોક્તિ શું સૂચવે છે ? આમ્રવૃક્ષનો દિવ્ય રસ પીતા છતાં પણ કોકિલા કિંચિત્ માત્ર ગર્વ કરતી નથી, પણ દેડકો કેવળ કાદવ–કચરાવાળું પાણી પીને કેટલો બધો ( કર્ણકઠોર ) અવાજ ડ્રાંઉંડ્રાંઉં કરી મૂકે છે !

આ અનુભવ આપણુ સૌને હમેશાં જ થયા કરે છે. આપણા જનસમાજમાં પણ એ જ પ્રમાણે જોઇએ છીએ.

ખાનદાની–અસલ અમીરાત કે કુળગૌરવતાના સાચા સ્વરૂપની, અને ક્ષુદ્ર–ક્ષુલ્લક સ્વભાવની પ્રત્યક્ષ પરીક્ષા આ અન્યોક્તિ સ્પષ્ટ દર્શાવી આપે છે.

સંપત્તિ–સમૃદ્ધિ કે વૈભવવિશાળતા પ્રાપ્ત થયે, સાચા સજ્જનો ગર્વથી છકી જતા નથી જ, પણ હલકા જનો સહેજસાજ સાધનસંપન્ન થતાં જ વાણીદ્વારા છલકાઈ જાય છે.

વાચક બન્ધુઓ ! આ નાની સરખી અન્યોક્તિમાં પણ કેટલો બધો ઉત્તમ બોધ સમાયેલો છે ! આપણે તો સાર જ ગ્રહણ કરીશું !! અલમ્

**ભાવનગર–વડવા,**
તા. ૨૯–૫–૪૩

લિ. સત્યશોધક,
**રેવાશંકર વાલજી બધેકા**
નિવૃત્ત એજ્યુ. ઇન્સ્પે. ધર્મોપદેશક–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય-સ્વરૂપ

( મારા તે બાગમાં વાવ્યો ડોલરિયો )

( ભીમપલાસ-હીંચ )

માનવની વૃત્તિઓ પલટાયે શાને ?
બદલાયે દિલડું કે બદલાયે મન ? ટેક૦

કો'ને ગમે રૂડી પાંદડી ગુલાબની;
કો'ને ડોલાવે ડોલરનું ડોલન. માનવ૦ ૧

સૂર્યપ્રભામાં મનડું કો' ધારે;
ચન્દ્રપ્રભાની લાગે કો'ને લગન. માનવ૦ ૨

તારલાના ચમકારે ચમકે કો' ચિત્તે;
ચન્દ્રપ્રભાના કો' આંજે અંજન. માનવ૦ ૩

કમળના રૂપે ભ્રમરો ગુંજંતા;
સવિતા નિહાળી શાને ખીલે વદન ? માનવ૦ ૪

અવિદ્યા કેરું વેષ્ટન ટળે તો;
આત્માનાં થાયે સાચાં દર્શન. માનવ૦ ૫

મનનો ને ચિત્તનો પલટો સૌ જુઠાં;
સમતાનું થાયે જો સાચું સ્પર્શન. માનવ૦ ૬

શાસ્ત્રે પ્રવીણ હો' કે હોયે નિરક્ષર;
પ્રભુકૃપા એ જ સાચું કુન્દન. માનવ૦ ૭

**અજિત** બંસી આત્માની વાગતાં;
**હેમેન્દ્ર** પામે મુક્તિસદન. માનવ૦ ૮

રચયિતા: **મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનની મહત્તા

લેખક: આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

**મા**નવીને પોતાની યોગ્યતાના પ્રમાણમાં માન મળે તો ખુશી થવું જોઇએ અને સંતોષ માનવો જોઇએ, પણ અનુચિત વધુ પડતું માન મેળવીને ખુશી થવું-ફુલાવું તે એક પ્રકારની મૂર્ખતા છે; કારણ કે તેવા પ્રકારના ગુણો અથવા તો જેને આશ્રયીને માન આપવામાં આવતું હોય તેવી વસ્તુ પોતાની પાસે ન હોવા છતાં પણ જ્યારે તેવો ગુણી કે સંપત્તિવાળો કહીને કોઇ માન આપે તો તે એક પ્રકારની મશ્કરી હોવાથી પોતે શરમાવું જોઇએ પણ ખુશી થવું જોઇએ નહીં. જેમકે: ગલીઓમાં ભટકી એઠવાડમાંથી અનાજના દાણા વીણી ખાઇને જીવનાર અને ફાટી ગયેલાં મેલાં કપડાં પહેરનાર ભિખારીને 'આવો, શેઠ સાહેબ પધારો,' એમ કહીને કોઇ માન આપે તો તે એક પ્રકારની મશ્કરી કરી કહેવાય છે. સંસારમાં અણુછાજતું વધુ પડતું માન આપીને અપમાન કરવાની પણ એક પ્રથા છે કે જેને સુધરેલી સભ્યતા કહેવામાં આવે છે. હૃદયમાં તિરસ્કાર હોવા છતાં પણ દેખાવમાં સત્કાર કરવો તે સુધરેલી સભ્યતા છે.

પોતાને નિર્ગુણી જાણવા છતાં પણ ખોટી પ્રશંસા સાંભળીને કે માન મેળવીને ફુલાઇ જઇને અભિમાન કરનાર ડાહ્યો, બુદ્ધિશાળી કે વિદ્વાન કહી શકાય નહિ. ગુણવાન અને સંપત્તિવાન ડાહ્યા બુદ્ધિશાળી માણસો ઉચિત માન મેળવી કે પ્રશંસા સાંભળીને ફુલાતા નથી પણ શરમાય છે, તો પછી અનુચિત માન મળવાથી તો ખુશી થાય જ શાના ?

ક્ષુદ્ર પ્રકૃતિવાળાં માણસો હમેશાં બીજાની પાસેથી માન મેળવવા આતુર રહે છે અને તેથી કરીને પોતે પણ બીજાની ખોટી પ્રશંસા કરે છે અને વધુ પડતું માન આપે છે. આવા માણસોને બીજાની ઇચ્છાને આધીન રહેવું પડે છે અને તેના અધમ કાર્યોની પણ પ્રશંસા કરવી પડે છે. બીજાઓની કરેલી ખોટી પ્રશંસાથી કે તેમને માન આપવાથી તેવા પ્રકારના ગુણો કે કોઇપણ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થઇ શકતી નથી; છતાં પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધવા ખોટી પ્રશંસા કે માનની ચાહના, માની માણસ રાખ્યા કરે છે. નિર્ગુણી તથા કંગાલની પાસેથી પ્રશંસા તથા માન-સત્કાર મેળવવા કરતાં ગુણવાન તથા ધનવાનના કરેલા માન, સત્કાર અને પ્રશંસાને વધારે ચાહે છે; કારણ કે સ્વાર્થ સાધવામાં તે બહુ ઉપયોગી નીવડવાથી તે મેળવવા તેમનો અત્યંત આદર કરે છે. અજ્ઞાની સંસારની દૃષ્ટિમાં જણાતા ગુણવાન અને ધનવાનો તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં નિર્ગુણી અને કંગાલ જ હોય છે; છતાં તેમનાથી મેળવેલા આદર, સત્કાર અને પ્રશંસા અજ્ઞાની જનતાની પાસેથી સ્વાર્થ સાધવાના સાધનરૂપ થઇ પડે છે. જેઓ વસ્તુતત્ત્વને સમજનાર ડાહ્યા અને જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં નીતિ અને ધર્મનું ઉલ્લંઘન કરવાથી અપમાનિત થઇને વખોડાયેલા હોય છે, તેઓ અજ્ઞાની સંસારની પાસેથી માન તથા પ્રશંસા મેળવવાની લાલસાવાળા હોય છે અને એટલા માટે તેઓ મહાપુરુષોને છાજે તેવા ગુણોનો અજ્ઞાની જનતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમક્ષ પોતાનામાં આરોપ કરે છે અને તેમની પાસેથી મહાપુરુષ તરીકેનું માન મેળવીને સંતોષ માને છે, કે જે એક મદ્યના નશામાં ચકચૂર બનીને પોતાને મહારાજા માનનાર દારૂડિયાના તરંગો જેવું છે. અજ્ઞાની જનતાથી મેળવેલા માન, સત્કાર અને પ્રશંસાથી આત્મા ગુણવાન કે ઉચ્ચ બની શકતો નથી; છતાં પોતાને ગુણવાન અને મહાપુરુષ તરીકે માની લેવું તે મહામૂર્ખતા છે. જો કે પોતાના અંદર અણછાજતા ગુણોનો આરોપ કરીને પોતે મહાન તો બની શકતા નથી, તો પણ અજ્ઞાની જનતાને છેતરીને પોતાની ક્ષુદ્ર વાસનાઓ તો પોષી શકે છે.

સંસારમાં જનતા બીજાનું માન અથવા તો પ્રશંસા સ્વાર્થને માટે અને પરમાર્થને માટે કરે છે. જ્ઞાની પુરુષો પરમાર્થદૃષ્ટિવાળા હોય છે ત્યારે અજ્ઞાની જીવો સ્વાર્થદૃષ્ટિવાળા હોય છે. પરમાર્થદૃષ્ટિવાળા જ્ઞાની જીવો વિકાસી આત્માઓમાં પોતાના કરતાં અધિક ગુણ જોઇને આકર્ષાય છે અને આત્મિક ગુણ મેળવવાને માટે તેમની પ્રશંસા કરી માન આપે છે, પણ અછતા ગુણોનો આરોપ કરીને વધુ પડતું માન આપીને અનુચિત પ્રશંસા કરતા નથી. વિકાસી ગુણવાન પુરુષો ઉચિત માન તથા પ્રશંસાની સ્પૃહા રાખતા નથી, તો પણ જ્ઞાની પુરુષો તેમને માન આપીને પ્રશંસા કરે છે, છતાં તેઓ મિથ્યાભિમાન કરી ફુલાતા નથી; તેમજ તેમનાથી મેળવેલા માન–પ્રશંસાવડે અજ્ઞાની જનતાને છેતરવા પ્રયાસ પણ કરતા નથી, કારણ કે તેઓ નિસ્પૃહી હોય છે.

સ્વાર્થદૃષ્ટિવાળા અજ્ઞાની જીવો અનેક પ્રકારના સ્વાર્થોને અંગે ક્ષુદ્ર વાસનાવાળા નિર્ગુણી જીવોમાં અછતા ગુણોનો આરોપ કરીને અને માન આપીને પ્રશંસા કરે છે કે જેથી કરીને તેઓ પ્રશંસા કરનારનો સ્વાર્થ પૂરો કરવા માટે પોતાનાથી બનતું બધું ય કરે છે. માન, પ્રતિષ્ઠા તથા પ્રશંસા મેળવવા માટે પોતાની જાતે પોતાનામાં કરવામાં આવતો અછતા ગુણોનો આરોપ તેમજ અણછાજતી ઉપમાઓનો ચઢાવવામાં આવતો ઓપ તે પોતાને ગુણસંપત્તિથી શૂન્ય જણાવવાનાં ચિહ્નો છે; કારણ કે સ્વાર્થી જીવો પોતાની પ્રશંસા કરવાથી ફુલાય છે તથા મિથ્યાભિમાનમાં ઘસડાઇ જાય છે તે તેમની અપૂર્ણતાને સૂચવે છે.

ગુણ–સંપત્તિ મેળવીને સાચી રીતે મહાન બનનારાઓને માનની બિલકુલ આવશ્યકતા હોતી નથી; કારણ કે માનથી આત્મિક ગુણોનો વિનાશ થાય છે, પણ વિકાસ થતો નથી; માટે તેઓ હમેશાં માનનો વિનાશ કરવાના અર્થી હોય છે, પણ તેને મેળવવાની ઇચ્છાવાળા હોતા નથી. તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં બીજાની પાસેથી માન મેળવવા પ્રયાસ કરનાર અવશ્ય માની હોય છે, અને તેથી કરીને જ તેઓ માનને અત્યંત પુષ્ટ બનાવે છે. બીજાની કરેલી પ્રશંસા સાંભળીને રાજી થવું તે પ્રશંસા કરાયેલી વસ્તુની ઊણપ બતાવી આપે છે. મિથ્યાભિમાનને ઉદયમાં લાવનાર તથા પોષનાર અનુચિત સત્કાર તથા પ્રશંસા છે. ઉચિત માન તથા પ્રશંસાથી મનુષ્ય ભાન ભૂલી વિકળ બની શકતો નથી. જ્યારે કોઈ પણ માણસના વખાણ કરવામાં આવે છે અથવા તો માન આપવામાં આવે છે ત્યારે તે પોતાને એમ માની લે છે કે હું રૂપમાં, બળમાં, સંપત્તિમાં કે જ્ઞાનાદિમાં બીજા બધા યે કરતા ચડિયાતો છું. આવી માન્યતાથી તે મિથ્યાભિમાનથી ઘવાય છે, પણ જો કોઈ કહે કે અમુક માણસ ગુણ, સંપત્તિ, જ્ઞાનાદિમાં ઉચ્ચ કોટિનો છે અને તમે પણ ગુણસંપત્તિમાં ઠીક છો તો તેને મિથ્યાભિમાનનો આવેશ આવતો નથી; કારણ કે તે એમ જાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે મારાથી પણ સારા ચઢિયાતા સંસારમાં ગુણસંપત્તિવાળા તથા જ્ઞાનવાન છે.

જો વાસ્તવિકપણે વિચાર કરીએ તો ગુણ-સંપત્તિહીન માણસમાં અભિમાનની માત્રા અધિકતર હોય છે. આવા માણસો બીજાની પ્રશંસા સાંભળી શકતા નથી અથવા બીજાને અપાયેલું માન-સહન કરી શકતા નથી, પછી ભલે તે ગુણસંપત્તિવાન કેમ ન હોય ? તેમનામાંથી પણ પોતે અછતા દોષો પ્રગટ કરી બતાવે છે; કારણ કે એવાને પોતાની જ માન-પ્રશંસા પ્રિય હોય છે. જેઓ બીજાને અપાયેલા માન પ્રશંસા સહન કરી શકતા નથી, તેઓમાં દરેક બાબતની ઊણપ રહેલી હોય છે. એનાથીયે વધારે ઊણપવાળા તો તે છે કે જે પોતાના મોઢે જ પોતાની પ્રશંસા કરે છે અથવા અણછાજતા ગુણો પોતાના હાથે લખીને જનતા સમક્ષ ધરે છે. ઊંચી કોટિના મહાપુરુષોને છાજે તેવા ગુણોનો પોતાના નામની ઉપર ઓપ ચડાવીને ફુલાવું તે એક મૂર્ખાઇ ભરેલું છે, અને બુદ્ધિમત્તા તથા ડહાપણથી વેગળું છે; કારણ કે લોઢા ઉપર સોનાનો ઢોળ કરવામાં આવે તો તે લોઢું કાંઈ સોનું બની જતું નથી. ડાહ્યા પરીક્ષક માણસોના હાથમાં આવતાં વેંત જ સોનાનો ઢોળ હોવા છતાં પણ લોઢાને પારખી કાઢે છે. તેવી રીતે અણજાણ માણસોને છેતરવા ગમે તેટલો ગુણોનો ઓપ ચડાવવામાં આવે તો પણ ગુણવાન ડાહ્યા માણસો જાણી શકે છે કે આ ગુણનો ઓપ ચડાવવામાં આવેલો છે. જેઓ સાચા ગુણવાન પુરુષો હોય છે તેમને પોતાના નામની સાથે વિશેષણો લગાડીને ઓપ ચડાવવાની આવશ્યકતા રહેતી નથી. સાચા ગુણ-સંપત્તિવાળા પુરુષોને બીજાની સેવા, સત્કાર અને પ્રશંસાની સ્પૃહા હોતી નથી. જેઓ ઐહિક દૃષ્ટિ-ક્ષુદ્ર વાસનાવાળા હોય છે, તેઓને જ બીજાની પાસેથી પ્રશંસા તથા આદર-સત્કાર મેળવવો બહુ ગમે છે અને એટલા માટે જ તેઓ બીજાને ગમે તેવી રીતે વર્તે છે અને બોલે છે અને પોતાને સાચા ગુણસંપત્તિવાન ઓળખાવે છે, જેથી અણજાણ જીવો આકર્ષાઈને તેમને વાસના તથા સ્વાર્થ પોષવાના સાધનોની સગવડતા કરી આપે છે; જેથી તેઓ ફુલાઈ જઈને પોતાને કૃતકૃત્ય માને છે. જેઓ ગુણ-સંપત્તિ મેળવવાની ચાહનાથી સાચા ગુણી પુરુષોના માર્ગને અનુસરે છે, તેઓ ગુણ-સંપત્તિ મેળવી શકયા હોય કે ન હોય તો પણ પોતાને ગુણ-સંપત્તિવાળા ઓળખાવવા માટે કોઇ પણ પ્રકારનો પ્રયાસ કરતા નથી; કારણ કે તેમનામાં ક્ષુદ્ર વાસના કે સ્વાર્થ હોતો નથી અને તેથી કરીને તેઓ હાંસીને પાત્ર બનતા નથી. જેઓ પોતે અવગુણી હોઇને ગુણ-સંપત્તિવાળા મહાન પુરુષોનું માન મેળવવાને તેમના માર્ગે વિચરવાનો ડોળ કરીને જનતાને છેતરે છે, તેઓ જાણે છે કે અમારામાં આમાંની એકે વસ્તુ નથી; છતાં પોતે તેવા પ્રકારના વિશેષણોથી પોતાની પ્રશંસા કરીને પોતાની જાતને હાંસીનું પાત્ર બનાવે છે તે કાંઇ ડહાપણ ભરેલું કહી શકાય નહિ.

તાત્ત્વિક દૃષ્ટિથી શૂન્ય જીવો સમજી શકતા નથી કે જે કાંઇ પ્રશંસા અને આદરસત્કાર કરાય છે તે જડસ્વરૂપ નામધારી દેહનો જ છે પણ આત્માનો નથી; કારણ કે વસ્તુ ન હોવા છતાં પણ બીજાની પાસેથી પ્રશંસા અને માન-સત્કાર મેળવવાની ઉત્કંઠાવાળા માણસો પોતાના નામની સાથે એવા પ્રકારના વિશેષણો લગાડે છે કે જેને સાંભળીને બીજા માણસો તે નામધારી દેહની પ્રશંસા તથા આદરસત્કાર કરે છે, કે જેની સાથે આત્માનો સ્વરૂપ સંબંધ હોતો નથી, અને જો સંબંધ હોય તો આત્મા તેવા પ્રકારનો ગુણી થઇ જવો જોઇએ.

આત્માનું માન કે અપમાન કરવા કોઈ સમર્થ નથી. આત્માએ જો પોતાના ગુણોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકાસ કર્યો હોય તો બીજાઓ તેનું અપમાન કરવા ગમે તેટલો પ્રયાસ કરે તો પણ તેનું અપમાન થઇ શકતું નથી, અને જો દોષોથી ભરેલો હોય તો બીજા ગમે તેટલું માન આપે તો પણ માનનીય થઇ શકતો નથી. માન આપનાર નિ:સ્વાર્થી માણસો બીજાના ગુણોને જોઈ શકતા નથી, પણ બાહ્ય પ્રવૃત્તિથી કાંઇક અનુમાન કરીને માન આપે છે અને સ્વાર્થી માણસો જેનાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય તેની પ્રશંસા કરીને માન આપે છે. તેઓ બીજાની અવગુણવાળી પ્રવૃત્તિ જોવા છતાં પણ તેનાં વખાણ કર્યા વગર રહેતા નથી.

આત્મિક ગુણોનો વિકાસ કરવામાં બીજાનાં માન તથા પ્રશંસાની જરાયે જરૂર નથી. સ્વતંત્રપણે પોતાનો વિકાસ સાધી શકાય છે. જેમને બીજાના માન તથા પ્રશંસાની જરૂર જણાય છે તેઓ વિકાસ સાધવાના અધિકારી નથી. આવા જીવો વિલાસપ્રિય અને ઇંદ્રિયોના દાસ હોય છે. તેમનામાં વિકાસના બાધક રાગ-દ્વેષની માત્રા અધિકતર હોય છે, અને અછતા ગુણોની પ્રશંસા સાંભળવાના ઉત્સાહી હોય છે, અને તેઓ પ્રશંસા કરનારમાં ગમે તેટલા અવગુણ ભર્યા હોય તો પણ તેની પ્રશંસા કરીને બહુમાન આપે છે. જેમણે સાચી રીતે ગુણોનો વિકાસ કર્યો હોય છે તેઓ પ્રશંસાની જરાયે જરૂર રાખતા નથી. તેમની કોઇ પ્રશંસા કરે કે નિંદા કરે, કોઇ માન આપે કે અપમાન કરે તેમના ઉપર સમભાવ ધારણ કરનારા હોય છે. તેઓ પોતાના નામની સાથે કોઇ પણ પ્રકારના અનુચિત વિશેષણો લગાડતા નથી; કારણ કે તેમનામાં ક્ષુદ્ર વાસનાઓનો અભાવ હોવાથી અણજાણ જીવોને ફસાવવા માયાજાળ પાથરવાની તેમને આવશ્યકતા રહેતી નથી. તેમનામાં સાચી જ્ઞાનશક્તિ હોવાથી જડસ્વરૂપ નામધારી દેહની પ્રશંસા કરાવી આત્માનું અનિષ્ટ કરતા નથી; કારણ કે તેઓ સાચી રીતે જાણે છે કે નામધારી દેહની પ્રશંસા તથા માન-પ્રતિષ્ઠાનું પરિણામ છેવટે દેહ બળી જતાં શૂન્ય જ આવે છે.

જેવી રીતે સાચા ગુણ મેળવીને પરલોકમાં જનાર આત્માની પ્રશંસા તથા બહુમાન થાય છે તેવી રીતે નામધારી દેહની પ્રશંસા તથા બહુમાન કરાવી પરલોકમાં જનારની અવજ્ઞા થાય છે પણ આદર થતો નથી માટે જ જ્ઞાનવાન પુરુષો આત્મિક ગુણોનો વિકાસ કરવાનો જ પ્રયાસ કરે છે પણ અછતા ગુણોનો ઓપ ચડાવવાનો આદર કરતા નથી.

માયાવી બન્યા વગર માન મેળવવાના ઇચ્છા પાર પાડી શકાય નહિ. ધની તરીકે માન મેળવવા ધનવાનનો, જ્ઞાની કહેવરાવવા જ્ઞાનવાનનો, વિદ્વાન કહેવરાવવા વિદ્વત્તાનો ડોળ-આડંબર કરવો પડે છે; જેમાં અણજાણ માણસો ફસાઇને પ્રશંસાપૂર્વક માન આપે છે, જેને મેળવીને તે વસ્તુઓના દરિદ્રી માણસો ગર્વિષ્ઠ બને છે. જેથી કરીને તેમનો આત્મા ભવાંતરમાં સાથે લઇ જવા કાંઇ પણ મેળવી શકતો નથી. અને નામની ઉપર ચડાવેલો ઓપ દેહને દેવતામાં મૂકતાં વેંત ઊડી જાય છે.

માની પુરુષો વિલક્ષણ પ્રકૃતિવાળા હોય છે. તેઓ દોષોથી ભરેલા સ્વાર્થી પુરુષોને ઘણા ઉપયોગી નીવડે છે; કારણ કે ક્ષુદ્ર પ્રકૃતિવાળા સ્વાર્થી પુરુષો અનુચિત અવળાં કાર્યો કરીને સભ્ય-ગુણી જનસમુદાયમાં પોતાની ગુણવાન તરીકેની છાપ બેસાડવા માટે માનીઓની પ્રશંસા કરી તેમની સહાનુભૂતિ મેળવે છે અને પોતાના પક્ષકાર તરીકે ઊભા રાખે છે. કોઇક પ્રસંગે અનુચિત કાર્ય કરી બેસતાં સભ્ય સમાજ તેને જ્યારે વખોડે છે ત્યારે માની પુરુષો તેનું અપકૃત્ય જાણવા છતાં પણ તેનો પક્ષ લઇને સભ્ય જનસમુદાય સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્થ સૂચક વાકયસંગ્રહ

( ગતાંક પૃષ્ઠ ૨૨૬ થી ચાલુ )

સંગ્રાહક ને યોજક : મુનિ પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) અમદાવાદ.

પોતાને શાની જરૂરિઆત છે ? શું મેળવવું છે ? એ જ્યાં સુધી નક્કી ન કર્યું હોય ત્યાં સુધી નિશાન વિનાના ફેંકેલા બાણોની માફક તેમનો પ્રયાસ સફળ થતો નથી. એટલે પ્રથમ પોતાને મેળવવા યોગ્ય શુદ્ધ આત્માનો બોધ કરવો જોઇએ અને પછી તેને પ્રગટ કરવામાં સહાયક ક્રિયાઓ કરવી જોઇએ. સમ્યગ્દૃષ્ટિ આત્માને શુદ્ધ આત્માનો બોધ હોય છે અને ત્યાર પછી જ ક્રિયા ફળદાયક થાય છે. ૫૦.

પોતામાં ગમે તેટલી મહાન શક્તિ હોય, બુદ્ધિ હોય અને ઉત્તમ શિક્ષણ હોય છતાં આત્મશ્રદ્ધાના પ્રમાણમાં જ મનુષ્ય કાર્ય કરી શકે છે. ૫૧.

આત્માએ આત્માના ( પોતાના ) સન્મુખ થવું, પોતે પોતાને જાણવો એ જ ' ધર્મનો યૌવનકાળ ' છે. છેલ્લા પુદ્ગલ પરાવર્તન કાળની અંદર આ જીવ પ્રવેશ કરે છે ત્યારે જ પુરુષાર્થ ખરેખર વિજયી નીવડે છે. સિવાય દરેક મનુષ્યનો પુરુષાર્થ સફળ થતો નથી. ૫૨.

પુરુષાર્થવડે શુભાશુભ કર્મનો પરાજય કરવા માટે તત્ત્વજ્ઞાન જાણવું જોઇએ. આત્મા અને તેનો વિરોધી પદાર્થ જડભાવ આ બન્નેનું જ્ઞાન જાણવાથી જ સ્વભાવ તરફ પુરુષાર્થ કરવો સુગમ પડે છે. ૫૩.

મોહનો વિનાશ તત્ત્વચિંતન કરવાથી થાય છે. તત્ત્વચિંતન એ જ કે–સંસારસમુદ્રની નિર્ગુણતા ( વિચિત્રતા, નિઃસારતા, દુઃખરૂપતા ) અને જગત તથા આ સુખદુઃખ શું છે એ સંબંધી વિચારણા કરવી, આત્મા અને જડ–પૌદ્ગલિક પદાર્થોનું પૃથક્પણું વિચારવું. ૫૪.

આત્મા શી વસ્તુ છે ? આત્માને સુખ-દુઃખનો અનુભવ કેમ થાય છે ? આત્મા પોતે જ સુખદુઃખના અનુભવનું કારણ છે કે કોઈ અન્યના સંસર્ગથી આત્માને સંસર્ગનો અનુભવ થાય છે ? કર્મનો સંસર્ગ આત્માને કેમ થઇ શકે ? તે સંસર્ગ અનાદિ છે કે આદિમાન ?

---

અઘડે છે; તેથી કરી આવા માની પુરુષો સભ્ય-ગુણવાન સમાજમાં પોતાની પ્રમાણિકતા ગુમાવી બેસે છે; કારણ કે તે અવગુણી માણસનો પક્ષ તાણે જાય છે.

માની માણસમાં સેવાભાવ હોતો નથી. તે બીજાને પોતાની સત્તામાં રાખીને સ્વામી બનવાના વિચારવાળો રહે છે; જેથી કરી તે કોઈની પણ સાચી શિખામણનો આદર કરતો નથી. તે ભાગ્યે જ સાચી વસ્તુનો ગ્રાહક હોય છે, કારણ કે તેની અંદર કદાગ્રહની માત્રા અધિકતર હોવાથી પોતાનું અણજાણપણું કે ભૂલ સુધારતો નથી. તે પોતાની સમજણ પ્રમાણે દરેક કાર્યમાં પ્રવૃત્તિ કરે છે. તે કાર્ય ઠીક થાય છે કે કેમ તે વિષે ડાહ્યા માણસોની સલાહ લેતો નથી. પોતે ભૂલતો હોય ને કદાચ કોઇ તેને સુધારવાની સૂચના કરે તો તે ખોટી દલીલો કરીને તેના કથનની અવગણના કરે છે; જેથી કરી તે સાચાં અને સારા કાર્યોથી વંચિત રહે છે. તેની ભૂલ કાઢવા જતા અનેકની અછતી ભૂલો બતાવીને જનતા આગળ પોતાની પ્રવૃત્તિને સાચી બતાવવા પ્રયાસ કરે છે અને એટલા માટે તે કોઈ પણ ગુણ મેળવવાનો અધિકારી બની શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાદિ હોય તો તેનો ઉચ્છેદ કેવી રીતે થઇ શકે ? કર્મનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ? કર્મના ભેદાનુભેદો કેવી રીતે છે ? કર્મનો બંધ, ઉદય અને સત્તા કેવી રીતે નિયમબદ્ધ છે ? આ બધી બાબતો અધ્યાત્મરૂપી બગીચામાં વિહરવાના અભિલાષીઓએ જાણવાની હોય છે. તેમજ સંસારની નિર્ગુણતાનું-અસારતાનું અવલોકન કરવાની જરૂરિયાત રહે છે. ૫૫.

જ્યાં ત્યાં ભટકતી ચિત્તની વૃત્તિઓને આત્માના સ્વરૂપમાં જોડી રાખવી એને 'યોગ'-બીજા શબ્દમાં 'અધ્યાત્મ' કહેવામાં આવે છે; એટલુંજ નહિ, પરન્તુ એવી હદ ઉપર આવવાના જે સાધનભૂત વ્યાપારો છે તેને પણ યોગના બીજા શબ્દમાં અધ્યાત્મના કારણ હોવાથી યોગ યા અધ્યાત્મ કહેવાય છે. ૫૬

નિરંતર સંસારરૂપ પ્રવાહમાં પડેલો તથા અવિદ્યારૂપી નદીમાં તણાતો માણસ શાસ્ત્ર તથા સજ્જનના સમાગમ વિના તરવાને સમર્થ થતો નથી. સત્સંગ અને શાસ્ત્રના સમાગમથી વિવેકને લીધે 'અમુક વસ્તુનો ત્યાગ કરવો જોઇએ તથા અમુક વસ્તુનું ગ્રહણ કરવું જોઇએ' એવો પુરુષને વિચાર થાય છે. ૫૭.

મનુષ્યોને સંતોષ, સાધુઓનો સંગ, સદ્‌વિચાર અને શમ એ જ સંસારરૂપી સમુદ્રમાંથી તરવાના ઉપાયો છે. સંતોષ પરમ લાભરૂપ છે, સત્સંગ પરમગતિરૂપ છે, સદ્‌વિચાર પરમ જ્ઞાનરૂપ છે અને શમ પરમસુખરૂપ છે. સંસારને ભેદવાના એ ચાર ઉપાયોનો જેઓએ અભ્યાસ કર્યો હોય તેઓ મોહરૂપી જળવાળા સંસારરૂપી સમુદ્રમાંથી તરી ગયા સમજવા. ૫૮.

વૈરાગ્યપૂર્વક કરવામાં આવેલો વિચાર જ સફળ થાય છે, પણ રાગવાળાએ કરેલો વિચાર સફળ થતો નથી. જે સુબુદ્ધિવાળા પુરુષને દિવસે દિવસે સંસારના સુખોની લાલચ પાતળી થતી હોય, તે પુરુષનો વિચાર ફળદાયી થાય છે. ૫૯.

વિવેક તથા વૈરાગ્ય આદિ સાધનોથી તીક્ષ્ણ કરેલી અને સુખદુઃખાદિકનું સહન કરવામાં ધીરજવાળી બુદ્ધિથી આત્માના તત્ત્વનો સારી પેઠે વિચાર કરનાર પુરુષ નિજ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. ૬૦.

પર્યાયદૃષ્ટિ વિરક્તભાવ ઉત્પન્ન કરવાને ઉપયોગી છે; દ્રવ્યદૃષ્ટિ (સ્વ-સ્વરૂપમાં) સ્થિરતા કરવાને અદ્વિતીય કારણ છે. ૬૧

જ્યાં સુધી આત્માનું અવલોકન કરવાની ઇચ્છાનો ઉદય થયો નથી ત્યાં સુધી દુઃખરૂપી કાંટાથી યુક્ત સંસારરૂપી પર્વતના ભાગમાં દેહાભિમાની અહંકાર ને ભોગ તથા આશાના રૂપને પામેલી અવિદ્યા ભમાવ્યા કરે છે. ૬૨

આત્માના બંધનરૂપ આ સંસારરૂપી વૃક્ષ કે જે આશાઓરૂપી માંજરોવાળું છે, દારુણ દુઃખાદિકરૂપી ફળોવાળું છે, ભોગરૂપી પલ્લવોવાળું છે, જરારૂપી ધોળા પુષ્પોવાળું છે અને તૃષ્ણારૂપી લતાઓથી શોભી રહ્યું છે, તેને જ્ઞાની પુરુષો વિવેકરૂપી ખડ્ગથી કાપી નાંખે છે. ૬૩

અનંત વિષયોમાં અનંત સંકલ્પોની કલ્પનાને ઉત્પન્ન કરનારી અવિદ્યાને લીધે આ જગતરૂપ મોટી ઇન્દ્રજાળને વિસ્તીર્ણ કરતા મૂઢ જીવો પોતાના સ્વરૂપને જોતા નથી ત્યાં સુધી પાણીમાં ચકરીઓની પેઠે સંસારમાં ભમ્યા કરે છે. ૬૪

આ સંસારનો આડંબર માત્ર દેખવામાં જ રમણીય છે, મિથ્યા છતાં જ ગ્રહણ કરવામાં આવે છે અને આશારૂપી નાગણીઓના રાફડારૂપ છે એમ જાણીને તત્ત્વજ્ઞાની પુરુષ એમાં લેપાતો નથી. ૬૫ (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર

રચનાર અને વિવેચક :
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ઠ ૨૨૮ થી શરુ )

અને આમ પ્રભુ વિદેશવાસ છોડી સ્વદેશમાં વસ્યા તે કહે છે—

**વિદેશની વસતિ છોડી દઈ અનાદિ, પામી સ્વદેશ શિવસ્થાન અનંત સાદિ;**
**ના ધ્રુવ નિશ્ચલ પદેથી ચળે ત્રિકાળે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે. ૧૫**

શબ્દાર્થ:—વિદેશનો અનાદિ વસવાટ છોડી દઇ, સ્વદેશરૂપ શિવસ્થાનને ( મોક્ષને ), સાદિ અનંત ભાંગે પ્રાપ્ત કરી, જે ધ્રુવ નિશ્ચલ પદમાંથી ત્રણે કાળે પણ ચળતા નથી,—એવા તે શ્રી સિદ્ધના ચરણનું અમને શરણ હો !

## વિવેચન—

અનાદિ કાળથી આ જીવ વિદેશમાં–પરદેશમાં ( foreign country ) વસી રહ્યો છે, પોતાનો સ્વદેશ છોડી, સ્વજન સંબંધીનો વિયોગ સહન કરતો એ પુદ્ગલ પ્રદેશરૂપ પારકા ક્ષેત્રમાં ધામા નાખીને બેઠો છે ! આ લોકમાં પાંચ–દસ વર્ષ દૂર દેશાવર ગયેલા મનુષ્યને પણ પોતાનો સ્વદેશ સાંભરે છે, સ્વજનસંબંધી યાદ આવે છે, ને તે પાછો સ્વદેશમાં આવવાનો અવસર પામીને પ્રબંધ પણ કરે છે, પણ આ મૂઢ જીવ તો અનાદિથી પરદેશમાં વસતા છતાં નથી પોતાના સ્વદેશને સંભારતો, નથી પોતાના આપ્તજનોને યાદ કરતો, કે નથી પોતાના સ્વદેશે પાછા ફરવાનો–પ્રતિક્રમણ કરવાનો વિચાર સુદ્ધાં કરતો ! આવો તો તે મોહમૂઢ બની ગયો છે ! પરદેશમાં પુદ્ગલ સાથે લગ્ન કરી તેમાં જ લટ્ટુ બની ગયો છે !

આવી અનાદિની મોહમૂઢ દશા છોડવી તે કાંઇ રમત વાત નથી; કારણ કે જ્યાં પોતે પોતાને જ ભૂલી ગયો છે, તેનાથી બીજું મોટું અંધેર શું ?

' મેં મેરે કું નહિ જાનતા હું ' એમ કહેનાર કરતાં વધારે બડો બેવકૂફ કોણ ? આ તો વાસીદામાં સાંબેલું તણાઇ જવા જેવી વાત થઇ ! **મહાસમર્થ તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીએ** સાચા અને વેધક અનુભવોદ્ગાર કાઢ્યા છે કે—

" આપ આપ કું ભૂલ ગયા, ઇન સે કયા અંધેર ? સુમર સુમર અબ હસત હૈ, નહિ ભૂલેંગે ફેર.
ઐસી કહાં સે મતિ ભઇ, આપ આપ હૈ નાંહિ; આપન કું જબ ભૂલ ગયે અવર કહાં સે લાઈ ? "

**—શ્રીમદ્ રાજચંદ્ર**

પણ ભગવાનને તો જેવી અનાદિની મોહની ઘૂમિ–ભ્રાંતિ ઊતરી કે તરત અમલ, અખંડ ને અલિપ્ત સ્વભાવની સ્મૃતિ થઇ, સ્વદેશ સાંભર્યો, ને ચિરકાળથી વિસરાઈ ગયેલા જ્ઞાનદર્શનાદિ સ્વજન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધી યાદ આવ્યા, ને પછી તેની વિરહવેદના નહિ ખમાતાં તેઓને મળવાની–ભેટવાની તાલાવેલી લાગી–ઉત્કંઠા ઊપજી. એટલે રુચિ અનુયાયી વીર્યથી નિઃસીમ પુરુષાર્થ કરી જેમ બને તેમ ત્વરાથી સ્વદેશ ભણી પાછો પ્રવાસ ( return journey–પ્રતિક્રમણ ) આદર્યો, અને એમ અખંડ પ્રયાણ કરતાં કરતાં શુદ્ધ આત્મપ્રદેશરૂપ સ્વદેશે પહોંચ્યા–શિવસ્થાને–મુક્તિધામે પધાર્યા, અને ' આતમગતે આતમ રમતાં, નિજ ઘર મંગલ થયું. '

" મોહાદિની ઘૂમિ અનાદિની ઊતરે હો લાલ, અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ;
તત્ત્વરમણ શુચિ ધ્યાન ભણી જે આદરે હો લાલ, તે સમતારસ ધામ સ્વામી મુદ્રાવરે હો લાલ. "
" ઓળખતાં બહુમાન સહિત રુચિ વધે હો લાલ, રુચિ અનુયાયી વીર્ય ચરણ ધારા સધે હો લાલ."
—શ્રીમદ્ દેવચંદ્રજી

અને આ જે શિવસ્થાન છે તે સ્થાન પણ તેના નામ પ્રમાણે યથાર્થ ગુણવાળું છે. શિવ એટલે નિરુપદ્રવ, કલ્યાણકારી. આ સ્થાનમાં કોઇ પણ કાળે, કોઈ પણ પ્રકારનો, કંઇ પણ ઉપદ્રવ ઊપજતો નથી; એટલે આ અવ્યાબાધ સ્થાન સાદિ અનંત ભાંગે સર્વથા સુસ્થિર છે. એની આદિ છે, પણ અંત નથી.

" **नत्वाद्यन्तविनिर्मुक्तं शिवं योगीन्द्रवंदितम् ॥** "
**—શ્રી હરિભદ્રાચાર્યજીપ્રણીત યોગબિન્દુ**

" રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. "—**શ્રી આનંદઘનજી**
" તત્ત્વ સકલ પ્રાગ્ભાવ, સાદિ અનંતી રે, રીતે પ્રભુ ધર્મો જી. "—**શ્રી દેવચંદ્રજી**
" સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? "
" જાશું સ્વરૂપ સ્વદેશ રે. "—**શ્રીમદ્ રાજચંદ્રજી**

આ ' સ્વરૂપ સ્વદેશ ' માં પહોંચ્યા પછી કોઇ કાળે પ્રભુ તે ધ્રુવ–નિશ્ચલ ' પદ ' માંથી ચલાયમાન થતા નથી. ' પદ ' શબ્દનો પરમાર્થ આ લેખમાં અગાઉ વિવેચનમાં આવ્યો હતો.

" **वंदित्तु सव्वसिद्धे धुवमचलमणो वमं टाइं पत्ते ।** "
**—શ્રી કુંદકુંદાચાર્યજીપ્રણીત શ્રી સમયસાર**

અત્રે ધ્રુવ ને અચલ શબ્દની વ્યાખ્યા **આચાર્યવર્ય અમૃતચંદ્રજી** આ પ્રમાણે કરે છે—

" **स्वभावभावभूततया ध्रुवत्वमवलंबमानां, अनादिभावांतरपरपरिवृत्तिविश्रांतिवशेनाचलत्वमुपगताम्** " અર્થાત્ સ્વભાવ ભાવરૂપ હોવાને લીધે ધ્રુવપણાને અવલંબતી, અનાદિ ભાવાંતરરૂપ પરપરિવૃત્તિની વિશ્રાંતિને લીધે અચલપણાને પામેલી એટલે સ્વભાવરૂપ હોવાથી ધ્રુવ, ને પરપરિણમનના વિરામ પામવાથી નિશ્ચલ.

આમ સ્વરૂપ સ્વદેશે પહોંચી જે ધ્રુવ–નિશ્ચલપદે સ્થિત થયા છે, તે સિદ્ધના ચરણનું અમને શરણ હો.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આત્મમંથન

( ગતાંક પૃષ્ઠ ૨૩૩ થી શરુ )

લેખક : અમરચંદ માવજી શાહ

૫૮. જીવનમાં સુવર્ણ તક અકસ્માત જ સાંપડે છે. એ તકને સાધવામાં આખા જીવનનું સાધ્યબિંદુ ઘડાઇ જાય છે. અનેક સામાન્ય તક-સાધુતા જેવીની અહીં કિંમત નથી; પરંતુ જીવનવિકાસ માટે, આત્મ ઉન્નતિ માટે, સેવા માટેની તકોની જ અહીં વાત છે. એવી તક સરી ન જાય, તેની કાળજી જરૂર રાખવી અને તમારી યોગ્યતા અને અનુકૂળતા મુજબ તેને વધાવી લેવામાં પ્રમાદી બનવું નહિ.

૫૯. સેવાના ક્ષેત્રોમાં જે કંઇ અલ્પ પણ સેવા કરી શકો, એમાં એક રજ માત્ર પણ સ્વાર્થદૃષ્ટિનું વિષમિશ્રણ ન થાય, તેની કાળજી જરૂર રાખજો. સેવાનું ક્ષેત્ર કાંટાળા તાજ જેવું છે, કલંકિત કલગીવાળું છે.

૬૦. માનવજીવનના પ્રવાસક્રમમાં સેવા જેવો કોઇ ધર્મ નથી. તમારા દિવસભરના દરેક કર્ત્તવ્યમાં સેવાનો આદર્શ રાખશો તો, જે જે પ્રવૃત્તિ તમે કરશો, તેમાં તમને સેવાની સુગંધ આવશે અને દિલની અણમૂલ ઊર્મિથી અમૂલ્ય અને અપૂર્વ સેવા કરી શકશો. સેવાને શોધવા જવાનું નથી, એ તો જીવનક્રમમાં જડાયેલી જ છે, અને એ ધર્મ તો અદા કરવો જ રહ્યો.

૬૧. આપણું જે ધ્યેય હોય તે જ માર્ગે જો આપણી પ્રવૃત્તિ થાય તો જરૂર તેમાં સફળતા સાંપડે. આપણે દરેક બાબતમાં માથું મારીએ પણ એકે કામ પૂરાં ન કરીએ અથવા કરી શકવા અસમર્થ થઇએ અને બાવાનાં બે ય બગડે તે કરતાં નિશ્ચિત ધ્યેય મુજબના કાર્યમાં રસસિંચન કરી પુરુષાર્થ ફોરવવો.

૬૨. દિવસ અને રાત્રિ એવી શુભ અને સક્રિય પ્રવૃત્તિમાં પસાર કરો કે જેથી મન-વચન-કાયાને પાપમાર્ગે વળવાનો પ્રસંગ જ ન સાંપડે; કારણ કે નિષ્ક્રિયતામાં કારણ વગર કર્મબંધ થાય છે.

૬૩. જીવનમાં શુભાશુભ જે થવાનું છે યા બનવાનું છે તે અવશ્ય છે; માટે જે થાય તે જોયા કરવું અને શાંતિને સમતાથી વેદન કર્યા કરવું. ઝાઝો ઊહાપોહ કે ધાંધલ નવા કર્મ-બંધનું નિમિત્ત બને છે.

૬૪. સંસારી જીવોને તૃષ્ણા તો રહે છે જ. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, એશઆરામ, સુખસાધનની વાંછના સામાન્ય હરકોઇ માનવને થયા જ કરે છે, છતાં એ તો જરૂર યાદ રહેવું જોઇએ કે એમાં જ આ અણમૂલ જીવનની અંતિમ સાધના નથી. આપણા જીવનનિર્વાહ માટે આજીવિકાની ફરજ બજાવવા ઉપરાંત જીવનને પારમાર્થિક-આત્મિક ઉન્નતિ માટે પણ જીવનની પળો વિતાવવી, નહિતર પશુપંખીઓ પણ એવા તુચ્છ સુખો તો ભોગવે છે, ત્યારે માનવજીવનની એમાં શું વધુ મહત્તા ?

૬૫. જીવન છે તો મરણ પણ અવશ્ય છે એ સમજતાં હોઇએ તો જગતમાં એવા ઉજ્જવળ કાર્યો કરી અમર નામના કરી શા માટે જીવનને ન અજવાળવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૬. સામાન્ય લોકવ્યવહારમાં જે ચીલે લોકો ચાલતાં હોય તે ચીલે ચાલવું. તેમાં અયોગ્ય લાગતું હોય તો પણ જ્યાં સુધી એ ચીલો બદલવાનું આત્મબળ ન હોય-જુદા ચીલે ચાલવામાં લોકવિરોધને સહન કરવાનું બળ પ્રાપ્ત થયું ન હોય ત્યાં સુધી તો કાં તો બધાયની સાથે જેવાની સાથે તેવાં થઇ રહેવું અગર ઉપેક્ષા કર્યા વગર મૌન રહી એ માર્ગનો ત્યાગ કરવો.

૬૭. જીવન તો જગતમાં સૌ કોઈ જીવે છે; પરંતુ ઉજ્જવલ જીવન જીવવું એમાં જ વિશેષતા છે. જીવનમાં એવી ઉજ્જવલતા લાવવા માટે પવિત્રતાની પરમ આવશ્યકતા છે. ગુણરૂપી પવિત્રતાનાં પુષ્પોની સુગંધીરૂપ બગિચો જીવનની આસપાસ બહેકતો રાખવો જોઈએ; એટલે સત્સંગ અને સુચરિત્રોનો આદર્શ સન્મુખ રાખવો.

૬૮. જેનો વિચાર કરવા બુદ્ધિ અસમર્થ થાય એવા જ્ઞાનીના વચનો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખવી એ ધર્મ ઠરે છે. અંધ શ્રદ્ધા ન રાખવી. અજ્ઞાનીઓના વચનોની કસોટી કરવા માટે સત્યતત્ત્વરૂપ કસોટી ઉપર ઘસવાથી તેની પરીક્ષા આપોઆપ થઇ જશે.

૬૯. નરક, તિર્યંચ, દેવ, મનુષ્ય એ સંસારની ચાર ગતિમાં મનુષ્યગતિ જ્ઞાનીઓએ સર્વશ્રેષ્ઠ કહી છે; કારણ કે તે મુક્તિપુરીની સડક છે. જ્ઞાનીઓએ બતાવેલા માર્ગે પ્રયાણ કરે તે ત્યાં અવશ્ય પહોંચી શકે છે.

૭૦. પ્રયાસ આગળ પ્રારબ્ધ લૂલું છે, તેથી નસીબના આધારે નિરુદ્યમી અને નિરુત્સાહપણે બેસી રહેવું તે દુ:ખને સ્વયં આમંત્રણ આપવા સમાન છે.

૭૧. આપણી જાતને આપણે કદી હલકી કે તુચ્છ ગણી આત્મબળમાં ઘટાડો કરવો નહિ, તેમજ ખોટું અભિમાન રાખવું નહિ; પરંતુ આત્મબળમાં વિશ્વાસ રાખી પુરુષાર્થ ફોરવી ઇચ્છિત સુખોના સ્વામી બનવું.

૭૨. તમારા આત્મામાં અનંત શક્તિ છે. તમે ધારો તે કરી શકવા સમર્થ છો. તમે તમારો આત્મવિકાસ સાધવાનો નિશ્ચય કરો અને તે માર્ગે આગળ ધસો. પ્રારબ્ધ ક્યાંયે પાછળ ઘસડાતું હશે ને તમે ક્યાંયે આગળ ને આગળ ગતિ કરી ગયા હશો. નિરાશા, નિરુત્સાહ, કાયરપણાને કાઢી મૂકો.

૭૩. અહિંસા એ એવો ધર્મ છે કે જેના પાલનથી સંસારના સર્વ જીવો સુખ, શાંતિ અને સમાનતાથી જીવી શકે છે. અને જ્યારે એ અહિંસા અભેદ્ય પ્રેમસ્વરૂપે પૂર્ણતા પામે છે ત્યારે તેની સાધના પૂરી થાય છે, તેના પ્રેમકિરણોમાં સર્વ જીવોના વૈરભાવો પણ શમી જાય છે.

૭૪. અહિંસા વગરની દુનિયાનું દર્શન કરો, ને શું જણાશે? જ્યાં જુઓ ત્યાં હિંસા, અંધાધૂંધી, ખૂનામરકી, અશાંતિ અને અઢારે પાપના આશ્રવનો દરવાજો ખુલ્લો જણાશે.

૭૫. મનને પ્રેરણા અને આત્માને શાંતિ આપે તે પુસ્તક, બાકી બધા પોથાં. ઉત્તમ પુસ્તકો આપણામાં નિરાશાના અંધકાર વચ્ચે આશાના કિરણો પ્રગટાવે છે-નવો ઉત્સાહ પ્રેરે છે-જીવનમાં વખતે નવું પાનું જ ઉઘાડે છે.

૭૬. જે પુસ્તક વાંચવું તે સમજીને વાંચવું, તેના ઉપર મનન કરવું. બુદ્ધિનો ઉપયોગ કરી તેને પચાવવા પ્રયત્ન કરવો અને તે દ્વારા આપણું જીવનચરિત્ર ઘડવું.

૭૭. જેમ અરીસામાં જોવાથી મુખદર્શન થાય છે પણ પૃષ્ઠ ભાગથી નહિ તેમ પુસ્તકોમાં પણ ગુણરૂપી મુખદર્શન કરવું, દોષરૂપ પૂંઠ ન જોવી.

૭૮. જ્ઞાની પુરુષની વાણી વગર સંકોચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાની અદ્‌ભુત શકિત

[ ૯ ]

## સત્યાગ્રહના મંડાણ

લેખક: મોહનલાલ દીપચંદ ચોકસી

( ગતાંક પૃષ્ઠ ૨૧૨ થી શરુ )

લાંબા સમયથી જેની રાહ જોવાઇ રહી હતી એ નવરાત્રિનો ઉત્સવ આવી ચૂકયો. આજ આશ્વિન શુકલ એકમની મીઠી પ્રભાત હતી. મંદારગિરિની તળેટીનો સારો ય દેખાવ જ બદલાઇ ગયો. મલ્લિપુરની ભાગોળથી આરંભી ઠેઠ મહાકાળીના મંદિર સુધીનો માર્ગ આસોપાલવના તોરણો, રંગબેરંગી પુષ્પો ભેરવી તૈયાર કરેલી કમાનોથી શોભી રહ્યો હતો. દૂર દૂરથી હજારો યાત્રાળુઓ પોતાના અસબાબ સાથે–દસ દિવસ સુધી ચાલી શકે એવી ખાવાપીવા તેમજ પહેરવા–પાથરવાની સામગ્રી સહિત–આવી પહોંચ્યા હતા. તળેટીનું વિશાળ મેદાન ગાડાઓની હારથી ભરચક બની ગયું હતું. દરેક ગાડાના પૈડા સાથે કમતીમાં કમતી એકાદ બોકડો બાંધેલો હતો જ. એ ઉપરાંત જેમને દેવીની માનતા ફળી હતી તેઓ પાંચસાત કે તેથી વધુ સંખ્યામાં બકરા બલિદાન દેવા સારુ લાવ્યા હતા. યાત્રિકોનો મોટો સમુદાય પોતપોતાના ગાડાની નજીક અથવા તો સમીપના ઝાડ હેઠળ ઇંટોના ચૂલા ગોઠવી સવારની રસોઇ કરવામાં મશગૂલ બન્યો હતો.

દેવીની પૂજા સવારના નવ વાગે શરુ થતી. પૂજા પૂર્ણ થતાં આરતી ઉતારવામાં આવતી અને પછી જાતજાતના પકવાનોનું નૈવેદ્ય પ્રથમના નવ દિનોમાં ધરાવાતું. દશમા દિવસે પશુબલિ અપાયા બાદ ઉત્સવની પૂર્ણાહૂતિ થતી.

પૂજાનો પ્રારંભ થતાં જ યાત્રાળુઓના ટોળેટોળા, ટેકરીના પગથિયાં ચઢી માતાના મંદિરમાં દાખલ થતાં અને આરતીનો ઘંટાનાદ થતાં તો ભારે ગિરદી જામતી. વિવિધ વર્ણી વસ્ત્રોમાં સજ્જ થયેલા નર, નારી અને બાળવૃંદથી મંદિરનો રંગમંડપ ચિકાર થઇ જતો.

પ્રથમ દિવસની પૂજાનો આરંભ થયો. સુંદર વસ્ત્રોથી અને જાતજાતના અલંકારોથી દેવીની મૂર્તિને શણગારવામાં આવી હતી. બહારના ભાગે મંજુલ સ્વરે ચોઘડિયાં વાગી રહ્યાં હતાં. પૂજાની વિધિ લગભગ એક કલાક પર્યંત ચાલી. પૂજારી અને યાત્રિકોએ મળી પહાડી અવાજે આરતી ઉતારી. વાજિંત્રનો નાદ બંધ થયો અને સર્વેએ દેવીને નમસ્કાર કર્યા. ત્યાં મુખ્ય દરવાજામાંથી તેજસ્વી મુખારવિંદવાળા એક તરુણે પ્રવેશ કર્યો અને મોટા સાદે 'અહિંસા

---

ગ્રહણ કરવી; પરંતુ સામાન્ય છદ્મસ્થની વાણીને કસોટીએ કસીને જ સ્વીકારવી. આ ખરું હશે કે આ ખરું એવા ઝંઝાવાતમાં કેટલા જીવ તો આડાઅવળા માર્ગે અથડાઇ જીવન હારી જાય છે.

૭૯. સુસંસ્કાર મેળવવા એ આપણું કર્ત્તવ્ય છે. તેમાં આપણે એમ સમજીને એ બાબતને ગૌણ ન માનીએ કે કુદરતી જેવા સંસ્કાર હોય તેવા જ રહે, તે તો ભૂલ છે.

૮૦. એક માકડાં જેવું, પશુ કે પોપટ જેવું પંખી સંસ્કારથી સુધરી શકે છે, તો બુદ્ધિસંપન્ન માનવીને કેળવવામાં આવે તો જરૂર સંસ્કારી–સદ્‌ગુણી બની શકે એમાં શક નથી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમો ધર્મ: ' એવો પોકાર પાડ્યો. સૌ કોઇની દૃષ્ટિ એકાએક એ તરફ ગઇ!

મંડળીની નજર પોતાની તરફ મંડાયેલી જોઇ એણે તુરત જ કહેવું શરુ કર્યું: ' બંધુઓ, આપણે સર્વે અહીં યાત્રા નિમિત્તે આવેલા છીએ. આપણ સૌનું દેવી કલ્યાણ કરે છે એ આપણે સૌ જાણીએ છીએ. એ ' મા 'ની કૃપાથી આપણને સુખ મળે એવી આપણી ઇચ્છા છે પણ એ સુખ મેળવવા સારુ પશુનું બલિદાન દેવું જોઇએ એવી જે માન્યતા ચાલુ છે તે ભૂલભરેલી છે! માતા, અંબા, મહામાયા આવું કહે જ નહીં! આપણી માફક એ મૂંગા જીવો પણ એ માતા પાસે પોતાનું કલ્યાણ વાંછે છે. એ બિચારા જીવોનો ઘાત પોતાની ચક્ષુ સામે કોઇ પણ દયાળુ માતા ન જોઇ શકે. જો એ પ્રકારની રક્ત-માંસની લીલા–તરફડતા પશુઓની અંગચેષ્ટા જોયા છતાં જે વ્યકિતના અંતરનું પાણી ન હાલે એમાં કરુણા સંભવે ખરી? કાળીમા તો કૃપાળુ છે! કોઇ દિવસ એણે પશુનો ભોગ સ્વમુખે માગ્યો પણ નથી! કેવળ પુરોહિતે સ્વજીહ્વાની લોલુપતા સંતોષવા આ ઊભી કરેલી પ્રથા છે! એની પાછળ નથી તો સત્શાસ્ત્રનું પીઠબળ કે નથી તો દલીલનો વ્યાજબી વૈભવ! આપ સર્વને મારી પ્રાર્થના છે કે તેથી કૃપા કરીને કોઇ પણ ભાઇ મૂંગા પશુનું બલિદાન દેશો નહીં. '

તરુણ આગળ કંઇ બોલે તે પૂર્વે તો એકાદા વાઘની માફક ફલંગ ભરતો માણિકયદેવ દોડી આવ્યો અને ક્રોધભરિત નેત્રોથી ગર્જી ઊઠ્યો:

' ભક્તો, ગાંડા માફક શું જોઇ રહ્યા છો? એ પાખંડીના કથનમાં જરા પણ વિશ્વાસ મૂકશો નહીં. જેને પોતાનું પેટ ભરવાની સમજ નથી એ તે શું જોઇ ઉપદેશ દેવા આવ્યો હશે! યાદ રાખો કે દેવી કોપી કે તમારા બાર વાગ્યા! દેવી પ્રસન્ન હોય તો લીલાલહેર. માટે એ હરામીને પકડો! '

પુરોહિતની આવેશયુક્ત વાણી સાંભળી કેટલાક અંધશ્રદ્ધાળુ ભક્તો એના પર તૂટી પડ્યા. જરા પણ ગભરાયા વિના નિડરતાથી ઊભેલા એને પકડી લીધો અને મહાન જીત મેળવી હોય તેમ પોકારી ઊઠ્યા: ' જય! કાળી માતા કી જય!! જય! મહામાયા કી જય!! '

યાત્રાળુઓને એથી વધુ ચૂર છૂટ્યું! દેવી કેટલી શક્તિશાળી છે એ જાણે બતાવતો ન હોય તેમ માણિકયદેવનો ચહેરો એકાદા વિજયી સરદાર જેવો પ્રફુલ્લિત બની ગયો. તાબડતોબ એણે પેલા પકડેલા તરુણને મહારાજ પદ્મનાભ પાસે લઇ જવાની અને તુરંગમાં નંખાવવાની આજ્ઞા કરી.

એકાએક આ તરુણ કયાંથી ફૂટી નીકળ્યો અને એ કોણ છે એ જાણવાની જીજ્ઞાસા વાચકને સહ જ ઉદ્ભવે! આચાર્ય અમરકીર્તિ પાસે જે આઠ યુવકોએ પ્રતિજ્ઞા લીધી હતી અને જીવન હોમીને પણ અહિંસાનો ધ્વજ અણનમ રાખવાની વાત ઉચ્ચારી હતી એમાંનો તે એક હતો. જ્યારથી એ આઠેના ઘરબાર લૂંટાયા ત્યારથી તે સર્વ આચાર્યની પાસે જ રહેતા હતા. સુદિ એકમનો ઉષ:કાળ થતાં જ મહારાજ સાહેબે બોલાવીને કહેલું કે—

' વીરપુત્ર, તેં જે પણ લીધું છે તે પૂરું કરવાનો સમય આવી રહ્યો છે. આજે તારે એ દેવીના મંદિરમાં જઇ હાજર થયેલા હજારો યાત્રિકોને, મૂંગા પશુઓના બલિદાન પાછળ કેવી હિંસા સમાયેલી છે, એ કાર્ય કેવું નિંદ્ય છે એ સર્વ સમજાવવાનું છે અને અહિંસામાં રહેલી અદ્ભુત શક્તિનો ખ્યાલ આપવાનો છે. એ કર્ત્તવ્યપાલન ટાણે સામેથી થતાં રોષ કે ઉપસર્ગને જરા પણ મચક આપ્યા વગર કેવળ સમભાવનું શરણ ગ્રહી ફરજ અદા કરવાની છે અને જે કંઇ વિપત્તિ આવી પડે તે જાતે સહ-વાની છે. આ ક્રમ તમારા દરેકે આઠ દિન પર્યંત ચાલુ રાખવાનો છે. બલિ બંધ થયા વિના હું આહાર લેવાનો નથી જ. મારી એ પ્રતિજ્ઞા અજાણી નથી. પ્રાણાંત કષ્ટ સહીને આપણે એ માર્ગે નિડર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાથી જવાનું છે. કર્ત્તવ્યની કસોટી સાચા હૃદયે પસાર કરીશું તો સત્યનો અરુણોદય થશે જ એ વાત નિઃશંક છે. અંધશ્રદ્ધાથી કિંવા સ્વાર્થીઓની ભ્રમજાળથી બિડાયેલાં અંતરો ત્યારે જ ખૂલશે. અંતિમ વિજય આપણો જ છે. મહાવીર દેવની જય હો!'

આચાર્ય અમરકીર્તિએ તરુણમંડળી સમક્ષ ઉપર પ્રમાણેનું પ્રવચન કરી, આહારપાણી બંધ કરી, કેવળ મૌનવ્રત ગ્રહણ કર્યું અને મનને ધ્યાનમાં પરોવ્યું. ધર્મધ્યાનરક્ત એ સૂકલકડી દેહયષ્ટિવાળી મૂર્તિને જોતાં જ ઘડીભર એમ થતું કે એમનું પણ પૂર્ણ થશે કે પ્રાણપંખેરું અધવચ પરલોકને પંથે સિધાવશે?

બીજા દિવસનો અરુણોદય થઇ ચૂક્યો. યાત્રાળુઓની સંખ્યા વધતી ચાલી. પુરોહિત માણિક્યદેવે આજે કાળીમાતાને જુદી રીતે શણગાર્યાં. સમય થતાં પૂજાપાઠનો આરંભ થયો. સ્તોત્રપઠન મોટા સ્વરે શરુ થયું. ગઇ કાલની માફક આરતીની સમાપ્તિ થતાં જ દરવાજામાંથી એક યુવક ફૂટી નીકળ્યો. 'અહિંસા પરમો ધર્મઃ' એ સૂત્રનો ઉચ્ચાર એણે મોટેથી કર્યો. દેવળના વાતાવરણમાં પુનઃ આશ્ચર્યના વહેણ વહી રહ્યાં. પુરોહિત રાતોચોળ બની દોડી આવ્યો. એની આજ્ઞા થતાં જ કેટલાક ઘેલા ભક્તો યુવકને ઘેરી વળ્યા. એને પકડી લઇ પદ્મનાભ રાજવી પાસે પહોંચ્યા. એ પણ તુરંગમાં ધકેલાયો. ભક્તોએ માતાની પુનઃ જય બોલાવી!

દિવસની વૃદ્ધિ સાથે માતાની શણગાર સજાવટ પણ નવનવી રીતે થવા માંડી. વસ્ત્રો અને અલંકારોમાં વિવિધતાની ચમક ખીલી ઊઠી. પૂજનના સાધનોમાં ભરચકતા આવી અને નૈવેદ્યના થાળનો તો રાશિ ખડકાવા લાગ્યો.

નવરાત્રિ મહોત્સવ નિર્વિઘ્ને પાર પડે એ સારુ રાજવી પદ્મનાભે સખ્ત બંદોબસ્ત કર્યો હતો. મંદિરમાં કોઇ પણ પ્રકારે ધાંધલ ન થવા પામે એ સારુ એણે પુષ્કળ સિપાઇ ગોઠવેલા હતા. પોતે દરરોજ સાંજની આરતીમાં આવતો. અગાઉ પૂજાના દિવસોમાં આખું કુટુંબ માતાના મંદિરમાં નજરે પડતું પણ આ વેળા રાણીની તબિયત નાદુરસ્ત હતી અને મૃગાવતીને જ્યારથી રાજમહાલયની બહાર પગ મૂકવાની મનાઇ કરવામાં આવી હતી ત્યારથી તેણી માત્ર પોતાનો કમરો છોડી બહાર કોઇ પણ સ્થળે જતી નહીં. રાજવીએ પોતાની સાથે માતાના મંદિરે આવવા આગ્રહ કર્યો હતો. એના ઉત્તરમાં કુંવરીએ સ્પષ્ટ સંભળાવેલું કે જ્યાં લગી પશુબલિ બંધ કરવામાં આવે નહીં ત્યાં લગી પોતે માતાના મંદિરમાં પગ મૂકવાની નથી. આમ રાજાના અંતરમાં નિરાશાનો વાયુ સંચરી રહ્યો હતો. પોતાના જ કુટુંબમાં મતભેદના પગરણ થયા જોઇ તેમજ આચાર્યની આહારત્યાગની પ્રતિજ્ઞાની કદ્દરતા નીરખી કંઇ અવનવું બનવાની આગાહી થઇ રહી હતી. આમ છતાં પોતે પૂર્વનો ક્રમ ચાલુ રાખ્યો હતો. આજે પાંચમો દિવસ હતો. ચાર તરુણોને તુરંગના મહેમાન બનાવી દેવામાં આવ્યા હતા.

મૃગાવતીને આ વાતની ખબર હતી. રોજ એકેક તરુણ પ્રતિજ્ઞાના પાલન નિમિત્તે પકડાતો હતો એ વાત તે સારી રીતે જાણતી હતી. એનો ઉપાય વિચારી જોયો પણ કંઇ માર્ગ ન સૂઝ્યો. આખરે તેણીએ મહેન્દ્રકુમારને એક પત્ર લખ્યો અને પોતાની સખી સાથે ખાનગી રીતે મોકલાવ્યો.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દષ્ટિવાદના ભેદરૂપ પૂર્વોનો ટૂંક પરિચય

લેખક: આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

શ્રી જૈનેન્દ્રપ્રવચનમાં દ્વાદશાંગી એટલે (૧) શ્રી આચારાંગ. (૨) સૂત્રકૃતાંગ. (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ. (૫) ભગવતીસૂત્ર. (૬) જ્ઞાતાસૂત્ર. (૭) ઉપાસકદશાંગ. (૮) અંતકૃદ્દશાંગ. (૯) અનુત્તરોપપાતિકસૂત્ર. (૧૦) પ્રશ્ન વ્યાકરણ. (૧૧) વિપાકશ્રુત. (૧૨) દૃષ્ટિવાદ. આ બારે અંગસૂત્રોમાં પદપ્રમાણની અપેક્ષાએ દૃષ્ટિવાદ નામનું બારમું અંગ બહુ જ વિશાળ ગણાય છે. તે હાલ હયાત નથી; કારણ કે ઘણા વખતથી તે વિચ્છેદ પામ્યું છે, છતાં તેની ટૂંક બીના શ્રી સમવાયાંગ સૂત્ર વગેરેમાંથી મળી શકે છે. તેમાં જણાવેલી પૂર્વોની બીના જુદી જુદી દૃષ્ટિએ બહુ જ ઉપયોગી જાણીને અહીં તે ટૂંકામાં જણાવીએ છીએ.

દૃષ્ટિવાદના પાંચ ભેદ છે; તે આ પ્રમાણે: ૧. પરિકર્મ. ૨. સૂત્ર. ૩. પૂર્વાનુયોગ. ૪. પૂર્વગત. ૫. ચૂલિકા. આ પાંચ ભેદોમાં પૂર્વગત નામના ચોથા ભેદના વિભાગ તરીકે ૧૪ પૂર્વો જાણવા.

શ્રી જૈનેન્દ્ર શાસનનો અચલ કાયદો એ છે કે શ્રી તીર્થંકર દેવની પાસે ત્રિપદી સાંભળીને શ્રી ગણધર દેવો દ્વાદશાંગીની રચના કરે. તેમાં શરુઆતમાં શ્રી ઉત્પાદાદિ પૂર્વોની રચના કરે છે, માટે શ્રી ઉત્પાદાદિ–"**પૂર્વ**" આ નામથી ઓળખાય છે. તે ચૌદે પૂર્વોમાં પદનું પ્રમાણ–પદાર્થતત્ત્વનિરુપણ–ક્રમસર આ પ્રમાણે જાણવું..

**૧. ઉત્પાદ પૂર્વ**—દરેક પદાર્થમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ ધર્મો સ્યાદ્વાદ શૈલીથી રહેલા છે. તેમાં ૧. ઉત્પાદ એટલે નવા પર્યાયની ઉત્પત્તિ. ૨. વ્યય એટલે પહેલાના પર્યાયનો નાશ. ૩. ધ્રૌવ્ય એટલે દ્રવ્યનું નહિ પલટાવવાપણું. દ્રવ્ય એ ગુણપર્યાયનો આધાર છે; એટલે ગુણ અને પર્યાય દ્રવ્યમાં રહે છે. દ્રવ્યની સાથે જે રહે, તે ગુણ કહેવાય અને જે ક્રમસર બદલાય તે પર્યાય કહેવાય. સુવર્ણ (સોના)ના દૃષ્ટાંતે આ બીના સમજી શકાશે. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવું. એક માણસ સોનાની લગડીમાંથી સોનીની પાસે કડું બનાવરાવે છે. કેટલોક સમય વીત્યા બાદ કડું બીનજરૂરી જણાયું, ને કંઠીની જરૂરિયાત જણાઇ, તેથી કડું ભાંગીને સોનીની પાસે કંઠી બનાવરાવી. અહીં સમજવાનું એ છે કે કડાંનો પર્યાય નવો ઉત્પન્ન થયો. જ્યારે કડાંમાંથી કંઠી બનાવી ત્યારે કડાંનો આકાર નાશ પામ્યો, ને કંઠીનો આકાર નવો ઉત્પન્ન થયો. બંને અવસ્થામાં સોનું પહેલાં જે હતું તે જ છે. આ રીતે ઉત્પાદાદિ ત્રણ ધર્મો દરેક પદાર્થમાં ઘટી શકે છે.

જીવાદિ પદાર્થોમાં આ બીના વિસ્તારથી અહીં જણાવી છે. આ પહેલા પૂર્વના એક ક્રોડ પદ જાણવા.

**પ્રશ્ન**—પદ એટલે શું?

**ઉત્તર**—જેના છેડે વિભક્તિ હોય તે પદ કહેવાય, એમ શબ્દશાસ્ત્રમાં જે પદનું લક્ષણ કહ્યું છે, તે અહીં લેવાનું નથી. ૧. ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકાર જ્યાં પૂરો થાય, તે પદ કહેવાય એમ શ્રી સમવાયાંગાદિ સૂત્રોની ટીકામાં કહ્યું છે. ૨. પદનું સ્વરૂપ વિશિષ્ટ સંપ્રદાયથી જાણવું એમ શ્રી ભગવતીસૂત્રની ટીકામાં જણાવ્યું છે. ૩. તેવા પ્રકારના આમ્નાય હાલ નથી, તેથી પદનું પ્રમાણ જણાતું નથી, એમ કર્મગ્રંથની ટીકામાં કહ્યું છે. ૪. એકાવન કરોડ, ૮ લાખ, ૮૪ હજાર, છસો ને એકવીશ શ્લોકનું એક પદ થાય, એમ રત્નસાર ગ્રંથમાં જણાવ્યું છે.

**૨. અગ્રાયણીય પૂર્વ**—આમાં તમામ જાતના બીજની કુલ સંખ્યા વગેરે બીના વર્ણવી હતી. પદ ૯૬ લાખ હતા.

**૩. વીર્યપ્રવાદ પૂર્વ**—આમાં આત્મિક વીર્યનું તથા તેવા આત્મક વીર્યને ધારણ કરનાર જીવોનું સ્વરૂપ હતું. આ પૂર્વના પદ ૭૦ લાખ જાણવા.

**૪. અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ**—આમાં સપ્તભંગીગર્ભિત સ્યાદ્વાદ દર્શનનું સ્વરૂપ હતું. આ પૂર્વના પદ ૬૦ લાખ જાણવા.

**૫. જ્ઞાનપ્રવાદ પૂર્વ**—અહીં મતિજ્ઞાનાદિ પાંચે જ્ઞાનનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું હતું. આ પૂર્વમાથી ઉદ્ધરીને શ્રી નંદીસૂત્રાદિની રચના થઇ છે. આ પૂર્વના એક ઓછા ક્રોડ પદ જાણવા.

**૬. સત્યપ્રવાદ પૂર્વ**—આમાં સત્યાદિ ભાષાનું તથા ભાષ્યભાષકભાવાદિનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું હતું અને પદનું પ્રમાણ ૧ ક્રોડ ઉપર ૭ પદો જાણવા.

**૭. આત્મપ્રવાદ પૂર્વ**—અહીં આત્માના કર્ત્તાપણું, ભોક્તાપણું, વ્યાપકપણું, નિત્યાનિત્યપણું વગેરે ધર્મોની બીના જણાવી હતી અને ૨૬ કરોડ પદ હતા.

**૮. કર્મપ્રવાદ પૂર્વ**—અહીં તમામ કર્મોના બંધાદિ, ભેદ વગેરેનું બહુ જ વિસ્તારથી સ્વરૂપ જણાવ્યું હતું. આ પૂર્વમાંથી ઉદ્ધાર કરીને શ્રી ચંદ્રમહત્તરાદિ મહર્ષિ ભગવંતોએ શ્રી પંચસંગ્રહાદિ ગ્રંથો બનાવ્યા.

**૯. પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ**—આમાં પ્રત્યાખ્યાન વગેરે પદાર્થોના ભેદાદિનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું હતું અને ૮૪ લાખ પદ હતા.

**૧૦. વિદ્યાપ્રવાદ પૂર્વ**—અહીં ગુરુવિદ્યા, લઘુવિદ્યા વગેરે ૭૦૦ વિદ્યાઓની અને રોહિણી વિદ્યા, પ્રજ્ઞપ્તિ વિદ્યા વગેરે ૫૦૦ મહાવિદ્યાઓની બીના હતી. વિમલેશ્વર ચક્રેશ્વરી પરિપૂજિત શ્રી જિનશાસન પરમ રહસ્ય શ્રી સિદ્ધચક્ર યંત્રાદિનો ઉદ્ધાર આ પૂર્વમાંથી કર્યો હતો. પદનું પ્રમાણ ૧ ક્રોડ ૧૦ લાખ જાણવું.

**૧૧. કલ્યાણપ્રવાદ પૂર્વ**—આમાં જ્યોતિશ્ચક્ર, શલાકાપુરુષ, દેવ, પુણ્યના ફલ વગેરે બીના વિસ્તારથી જણાવી હતી. પદ ૨૬ ક્રોડ હતા.

**૧૨. પ્રાણાવાય પૂર્વ**—આમાં ચિકિત્સાના પ્રકાર, વાયુના પાંચ ભેદ, પૃથ્વી વગેરે પંચમહાભૂતની વિસ્તારથી બીના જણાવી હતી અને પદ ૧૩ ક્રોડ હતા.

**૧૩. ક્રિયાવિશાલ પૂર્વ**—આમાં શાર્દૂલવિક્રીડિત વગેરે છંદોની, વ્યાકરણ તથા શિલ્પકલા વગેરેની બીના વિસ્તારથી જણાવી હતી અને ૯ ક્રોડ પદ હતા.

**૧૪. લોકબિંદુસાર પૂર્વ**—આમાં ઉત્સર્પિણી, અવસર્પિણીના સુષમસુષમાદિ છ છ આરા વગેરે કાળની બીના વિસ્તારથી જણાવી હતી અને સાડાબાર ( ૧૨॥ ) કરોડ પદ હતા.

દૃષ્ટિવાદના ૧ પરિકર્મ, ૨ સૂત્ર, ૩ પૂર્વગત, ૪ અનુયોગ, ૫ ચૂલિકા આ પાંચ ભેદમાં પૂર્વગત નામના ત્રીજા ભેદમાં ચૌદ પૂર્વોનો સમાવેશ થાય છે. નવ પૂર્વો સંપૂર્ણ અને દશમા પૂર્વના અમુક ભાગ સુધીનું જ્ઞાન અભવ્ય જીવોને પણ હોય છે, પણ તે સમ્યક્શ્રુત ન કહેવાય; કારણ કે તેઓ મિથ્યાદૃષ્ટિ હોય છે. સંપૂર્ણ દશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વના જ્ઞાનથી માંડીને આગળ ચૌદપૂર્વી સુધીના જ્ઞાનીઓને નિશ્ચયે કરીને સમ્યક્ત્વ હોય છે; એટલે સમ્યક્દૃષ્ટિ સંયમધારી મહામુનિવરો જ દશપૂર્વી વગેરે હોઇ શકે, બીજા નહિ. આ બાબત સાક્ષીપાઠ આ પ્રમાણે છે-

**" चउदस दस य अभिण्णे, नियमा सम्मं तु सेसए भयणा "**

**સ્પષ્ટાર્થ**—સંપૂર્ણ દશપૂર્વના જ્ઞાનથી ઊતરતા પૂર્વ જ્ઞાનીઓને સમ્યક્ત્વની ભજના હોય, એટલે તેઓમાં કેટલાએક પૂર્વ જ્ઞાનીઓ સમ્યગ્દૃષ્ટિ હોય, ને કેટલાએક પૂર્વ જ્ઞાનીઓ મિથ્યાદૃષ્ટિ પણ હોય છે. સંપૂર્ણ દશપૂર્વીથી માંડીને ઠેઠ ચૌદપૂર્વી સુધીના જ્ઞાનીઓ નિશ્ચયે કરીને સમ્યગ્દૃષ્ટિ જ હોય.

જ્ઞાનાવરણીય વગેરે કર્મના ક્ષયોપશમથી જે જે લબ્ધિઓ પ્રકટ થાય છે, તેમાં પૂર્વધર લબ્ધિને પણ ગણાવી છે. આ લબ્ધિના પ્રભાવે મહાવિશાલ પૂર્વોનો અભ્યાસ થઇ શકે છે. ક્ષયોપશમની વિચિત્રતાને લઇને પૂર્વધર લબ્ધિમાં પણ અનેક પ્રકારે સંભવે છે. સૌથી ઉચ્ચ કોટિની પૂર્વધર લબ્ધિ શ્રી ચૌદપૂર્વી ભગવંતોને હોય છે. તેઓ શ્રુતકેવલી પણ કહેવાય છે. શ્રી મહાવીર દેવના શાસનમાં, શ્રુતકેવલી શ્રી જંબૂસ્વામીની પછીના કાળમાં છ થયા છે. તેનાં નામ શ્રી સુબોધિકા ટીકામાં જણાવ્યા છે, જે પ્રસિદ્ધ છે.

ચૌદપૂર્વીઓમાંના કેટલાએક પ્રભાવિક મહાપુરુષોને આહારક લબ્ધિ હોય છે. તેઓને હૃદયમાં પ્રગટેલા પ્રશ્નોનો ખુલાસો મેળવવા માટે, અગર શ્રી તીર્થંકરદેવની ઋદ્ધિ જોવાને માટે આહારક શરીર બનાવવાની જરૂરિયાત જણાય છે. તે વખતે આહારક લબ્ધિના પ્રભાવે આહારક શરીર બનાવે. તે શ્રી તીર્થંકર દેવને પ્રશ્નનો ખુલાસો પૂછી અહીં આવે, અને જણાવે, અથવા શ્રી તીર્થંકરની ઋદ્ધિની બીના જણાવે. આહારક શરીરની સંપૂર્ણ બીના અહીં જણાવતાં અપ્રાસંગિક ગણાય, તેથી તે અવસરે અલગ લેખરૂપે જણાવવા વિચાર છે.

આર્યરક્ષિતની માતા સોમા પરમશ્રાવિકા હતી. તે પૂર્વોના જ્ઞાનની મહત્તા સમજતી હતી. તે જ કારણથી તેણીએ પોતાના વહાલા પુત્રને વિશાળ પૂર્વોનો અભ્યાસ કરવાની ભલામણ કરી છે. વિશેષ બીના સ્પષ્ટાર્થ સહિત શ્રી સિદ્ધચક્રપૂજામાં જણાવી છે.

પૂર્વોના વિચ્છેદ કાલની નજીકના સમયમાં પૂજ્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ થયા. તેમણે પૂર્વોના મળતા વિભાગોનો ઉદ્ધાર કરીને શ્રી પંચાશક–પંચવસ્તુ વગેરે ગ્રંથો બનાવ્યા એમ નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ વગેરે શાસનપ્રભાવક મહાપુરુષોના વચનથી જાણી શકાય છે.

કેટલાએક જિજ્ઞાસુ ભવ્ય જીવો વિશાળ જૈન સાહિત્યમાં અમુક અમુક બાબતની ન્યૂનતાનું અનુમાન કરીને જે જે પ્રશ્નો ઉઠાવે છે, તેમને રૂબરૂમાં યથાર્થ ખુલાસો જણાવતાં તેઓએ કબૂલ કર્યું છે કે અમારું અનુમાન અઘટિત છે. આ બીના લેખરૂપે ગોઠવીને જણાવતાં બીજા પણ ભવ્ય જીવોને અનેકવિધ જરૂર આત્મિક લાભ થશે, આ ઇરાદાથી આ લેખ તૈયાર કર્યો છે.

ભવ્યજીવો આ લેખની બીનાને યથાર્થ સમજીને નિર્મળ મોક્ષમાર્ગના પરમ સાત્ત્વિક આરાધક બની સ્વપરતારક થાય, એ જ હાર્દિક ભાવના !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ..........વર્તમાન સમાચાર..........

## પંજાબના વર્તમાન

## રાયકોટ પ્રતિષ્ઠામહોત્સવ

સં. ૧૯૬૨ માં જ્યારે આચાર્યવર્ય શ્રીમદ્વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજ **રાયકોટ** પધાર્યા હતા ત્યારે કોઇને પણ સ્વપ્નમાં ન હતું કે **રાયકોટ** નગરમાં આવું ભવ્ય ગગનચૂંબી જિનાલય બંધાશે અને આવી જાહોજલાલી સાથે પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાશે. સં. ૧૯૯૫ માં આચાર્ય શ્રી પુનઃ **રાયકોટ** પધાર્યા અને પંજાબપ્રાંતના મોટા મોટા શહેરોની વિનતિઓ હોવા છતાં અહીં ( રાયકોટ ) ચોમાસું કર્યું અને તેઓશ્રીજીના સદુપદેશથી જ શ્રી સુમતિનાથજીનું ભવ્ય દેરાસર બંધાઇ તૈયાર થયું અને તેઓશ્રીજીના જ વરદ હસ્તે ગઇ વૈશાખ શુદિ છઠના શુભ મુહૂર્તે પ્રતિષ્ઠામહોત્સવ ઘણી જ ધામધૂમથી ઉજવાયો !

આ મહાન શુભ પ્રસંગની આમંત્રણ પત્રિકાઓ દેશદેશાવરોમાં મોકલવામાં આવી હતી. આ આમંત્રણને માન આપી પંજાબભરના ૪૦૦૦ જૈનો ઉપરાંત મુંબઇ, દક્ષિણ આદિ દૂર દૂરના જૈન બંધુઓ પધારી શાસનની શોભા વધારી હતી.

જબલપુર, ઉદયપુર, લુધીઆનાથી યતિવર્ય શ્રી યુગાદિસાગરજી, મનસાચંદ્રજી, મંગળઋષિજી પધાર્યા હતા.

વિધિવિધાન કરાવવા સારુ વલાદ( અમદાવાદ )-નિવાસી શેઠ ફૂલચંદ ખીમચંદ, ચંદુલાલભાઈ તથા ઠાકોર હેમચંદની સાથે પધારી શાસ્ત્રાનુસાર વિધિવિધાન કરાવ્યા હતા.

ચૈ૦ વ. તેરસે કુંભસ્થાપન અને જળયાત્રાનો વરઘોડો ચઢયો હતો. નંદ્યાવર્ત, ક્ષેત્રપાલ, નવગ્રહ, દશદિક્પાલ, અષ્ટમંગલ, સિદ્ધચક્ર, વીશસ્થાનક, ધ્વજા, કળશ આદિના પૂજન થયા હતા. એકમના દિવસે છપ્પન દિક્કુમારીઓનો અને બપોરે ઇંદ્રોનો વરઘોડો ચઢયો હતો. ગુજરાંવાલાનિવાસી લાલા કર્પૂરચંદજી જૈન દુગડ સૌધર્મેન્દ્ર બની ભગવાનને લઇ સૌથી આગળ ચાલતા હતા.

ચ્યવન, જન્મકલ્યાણકાદિ પંચકલ્યાણક મહોત્સવ, ભગવાનનું પાઠશાળામાં જવું વગેરે દૃશ્યો ખાસ જોવા લાયક હતા.

વૈ. સુ. તૃતીયાના દિવસે મિથુન લગ્નના ત્રીજા ધન નવાંશમાં આચાર્યશ્રીજીના વરદ હસ્તે અંજનશલાકાની વિધિ થઇ. પાંચમે ઘણી જ ધામધૂમથી સમારોહપૂર્વક રથયાત્રાનો વરઘોડો ચઢયો હતો.

અંબાલા અને ગુજરાંવાલાના ચાંદીના રથોમાં પ્રભુપ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી હતી.

છઠના દિવસે મિથુન લગ્નના વર્ગોત્તમ મિથુન નવાંશમાં આચાર્યશ્રીજીના પુનિત કરકમલોથી શ્રી સુમતિનાથજી, શ્રી સુપાર્શ્વનાથજી, શ્રી સુવિધિનાથજીની પ્રતિષ્ઠા થઇ હતી.

બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. આચાર્યશ્રીજી પૂજા ભણાવવાની સાથે એવી ખૂબીથી અર્થ સમજાવતા હતા કે સાંભળનારાઓને ખૂબ જ આનંદ આવતો હતો.

પંડાલમાં આચાર્યશ્રીજીના વ્યાખ્યાનો, વિદ્વાનોના ભાષણો અને ભજનો થતાં હતાં.

શ્રી આત્માનંદ જૈન મહાસભા ( પંજાબ શ્રી સંઘ ) ના તરફથી ક્રિયા કરાવનાર શેઠ ફૂલચંદ ખીમચંદને માનપત્ર અને સોનાનો ચાંદ અર્પણ કરવામાં આવ્યો હતો, અને રાયકોટ શ્રીસંઘના તરફથી ભજનમંડળીઓને--સારા ગવૈયાઓને ચાંદીના મેડલો આપવામાં આવ્યા હતા.

શ્રી આત્માનંદ જૈન મહાસભાનું ૧૪ મું અધિવેશન ગુજરાંવાલાનિવાસી બાબુ જ્ઞાનચંદજી સાહેબની અધ્યક્ષતામાં સફળતાપૂર્વક થયું હતું.

અંજનશલાકાનું સર્વ ખર્ચ મુંબઇથી પધારેલા શેઠ ફૂલચંદ શામજી અને પંડાલનું સર્વ ખર્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમૃતસર( બિકાનેર )નિવાસી શેઠ રોશનલાલજી, બંસીલાલજી, વ્રજલાલજીએ આપ્યું હતું અને અમદાવાદનિવાસી શેઠ જેસીંગલાલ ઉગરચંદ તથા પદ્મચંદજી સંપતરાજજીએ પણ મદદ મોકલાવી હતી.

ચૈ. વ. તેરસથી વૈ. સુ. બીજ સુધી બહારથી પધારેલા બંધુઓનું સાધર્મિકવાત્સલ્ય અને વૈ. સુ. પંચમીએ સાધર્મિકવાત્સલ્ય લાલા વિલાયતીરામજી ખેરાયતીરામજી મુકંદીલાલજી સુપુત્ર લાલા ચમ્બારામજી લોઢા—રાયકોટના તરફથી કરવામાં આવેલ હતું.

વૈ. સુ. ત્રીજે લુધીઆના શ્રીસંઘના તરફથી, ચોથે ઓસવાલ અગ્રવાલ શ્રીસંઘ રાયકોટના તરફથી અને છઠે ગુજરાંવાલાનિવાસી લાલા ગણેશદાસજી પ્યારાલાલજી જૈન બરડના તરફથી સાધર્મિક વાત્સલ્યો થયાં હતાં.

પ્રતિષ્ઠાની ખુશાલીમાં અહીંના આર્ય ગુરુકુળના અને સનાતન પાઠશાળાના વિદ્યાર્થીઓ સાથે આખા ય સ્ટાફને જમણ આપવામાં આવ્યું હતું અને ગરીબોને પણ ૧૧ થી સાંજ સુધી જમાડવામાં આવ્યા હતા.

નગરના ઠાકરદ્વારા, ગુરુદ્વારા, મસ્જિદો આદિને તથા બ્રાહ્મણોના ઘરોમાં એક એક શેર મીઠાઇ અને આઠ આઠ આના આપવામાં આવ્યા હતા. બધા બજારોમાં, હાઇસ્કૂલ, પ્રાઇમરી સ્કૂલના વિદ્યાર્થીઓને અને કન્યા પાઠશાળાની કન્યાઓને મીઠાઇ વહેંચવામાં આવી હતી.

આ પ્રતિષ્ઠામહોત્સવને સાંગોપાંગ પાર ઉતારવા માટે અત્રેના અગ્રવાલ ઓસવાલ ભાઈઓ ઉપરાંત ગુજરાંવાલાનિવાસી લાલા કર્પૂરચંદજી જૈન દુગડ, લુધીઆના શ્રીસંઘ એવં શ્રી આત્માનંદ જૈન સેવક મંડળ-લુધીઆનાએ ખૂબ જહેમત ઉઠાવી ભોજન-ઉતારા વગેરેની ઘણી જ સારી વ્યવસ્થા રાખી હતી.

અત્રેનું ખાસ સ્ટેશન ન હોવાથી, લુધીઆના સ્ટેશને સેવક મંડળ-લુધીઆનાએ અને જગરાંવા સ્ટેશને જગરાંવાના સદ્દગૃહસ્થો તથા સેવક મંડળે સારી વ્યવસ્થા રાખી હતી.

લુધીઆના, જગરાંવા, બનુડ, બરનાલા, ગુજ્જરવાલ વગેરેના સ્થાનકવાસી બંધુઓએ પણ સારી સંખ્યામાં પધારી ઉત્સાહ બતાવ્યો હતો.

સમયાનુસાર આવક સારી થઇ હતી.

અત્રેથી આચાર્યશ્રીજી વિહાર કરી લુધીઆના આદિ થઇ જંડીયાલાગુરુ પધારશે.

## આ સભાનો ૪૭ મો વાર્ષિક મહોત્સવ અને ગુરુ જયંતી

અત્રેની શ્રી જૈન આત્માનંદ સભાનો ૪૭ મો વાર્ષિક મહોત્સવ જેઠ શુદિ ૭ ગુરુવાર તા. ૧૦-૬-૪૩ ના રોજ હોવાથી સવારના નવ કલાકે (નવો ટાઇમ) સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવી હતી. તેમજ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતી પ્રસંગે જેઠ શુદિ ૮ શુક્રવારના રોજ સભાના સભાસદોએ શ્રી સિદ્ધાચલજી જઈ રાધનપુરનિવાસી શેઠ મોતીલાલ મૂળજીભાઇ હા. શેઠ સકરચંદભાઈ તરફથી સવારના શ્રી સિદ્ધાચલજી ઉપર પૂજા ભણાવી, શ્રી આદીશ્વર ભગવાન શ્રી પુંડરીકજી, શ્રી દાદાજીના પગલે વગેરેની આંગી રચાવી હતી અને શ્રી પુરબાઇની ધર્મશાળામાં સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

## ગાંધી ગિરધરલાલ આણંદજીનો સ્વર્ગવાસ

અત્રેના રહીશ ભાઈ ગિરધરલાલ લાંબી બિમારી ભોગવી વૈશાખ શુદિ ૮ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે શાંત, મિલનસાર અને દેવગુરુધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા હતા. આ સભાના તેઓ ઘણા વખતથી સભાસદ હતા અને સભા પ્રત્યે પ્રેમ ધરાવતા હતા. તેમના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદ બંધુની ખોટ પડી છે. તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ થી ચાલુ )

આવા સખ્ત મોંઘવારીના વખતે પણ આવા છ મોટા સુંદર ગ્રંથો, મોટો ખર્ચ કરી, પ્રકટ કરી, અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવાનું સભાએ સાહસ કર્યું છે. વ્યાપારીદષ્ટિએ આ સભાનો વહીવટ થતો ન હોવાથી, ઊંચામાં ઊંચી કક્ષાના વિવિધ સાહિત્યનાં અનેક ગ્રંથો પ્રકાશન કરવાનો અને આર્થિક દષ્ટિએ પણ અમારા ઉપરોક્ત સભાસદોને સારામાં સારા ભેટના ગ્રંથોનો દર વખતે વિશેષ વિશેષ લાભ કેમ મળે, એ હેતુ ધ્યાનમાં રાખેલ હોવાથી તેમજ આ સભાના લાઇફ મેમ્બરોને એક સુંદર ગૃહ લાઈબ્રેરી કેમ થાય તે વિચારથી ગમે તેવા પ્રસંગોએ પણ અનેક ગ્રંથોની ભેટોનો લાભ આપવામાં આવે છે. આ સભા પોતાના સભાસદોને ગ્રંથોનો જે મોટો લાભ આપે છે તે અમારા સભ્યો જાણે છે તેમજ તેવી બીજી કોઇ સંસ્થા તેવો લાભ આપી શકતી ન હોવાથી આ સભામાં દિવસાનુદિવસ નવા સભાસદોની સંખ્યા વધતી જાય છે.

અમારા માનવંતા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને ઉપરના છ ગ્રંથો અશાડ માસમાં ધારા પ્રમાણે પોસ્ટેજ ખર્ચ સાથેનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા નમ્ર વિનંતિ છે.

**'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા' તરફથી નવા છપાતા અને છપાવવાના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો.**

**१ श्री कथारत्नकोश : श्री देवभद्रगणिकृत. ( मूल )**

**२ श्री प्राकृत व्याकरण ढुंढिका.**

**३ श्री त्रिषष्ठिश्लाका पुरुष चरित्र ( बीजुं, त्रीजुं, चोथुं पर्व. )**

## 'શ્રી મહાવીર ( પ્રભુ ) ચરિત્ર.'

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઈન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઇ છે. હવે જૂજ બુકો સિલિક છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટો ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ. લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

### શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-

## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા-સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# શ્રી વાસુપૂજ્ય (પ્રભુ) ચરિત્ર.

(શ્રી વર્ધમાનસૂરિકૃત.)

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ** સં. ૧૨૯૯ ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્‌ભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટિક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકીકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્‌લાદક કથાઓ આપેલી છે કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રભુના વિવિધ રંગની સુંદર છબીઓ પણ આપવામાં આવેલ છે. ફોર્મ ૩૫, પૃષ્ઠ સંખ્યા ૨૪૦.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

(આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે.)

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**પ્રથમ ભાગ સિલિકે નથી; બીજા ભાગની ઘણી જ થોડી નકલો સિલિકે રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત–પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦ (સિલિકે નથી)**
**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મ વિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટિક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. (ફક્ત બીજો ભાગ સિલિકે હોવાથી) બીજા ભાગની કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

(શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર.)

For Private And Personal Use Only